# <u>જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, જિલ્લા ન્યાયાલય, નડીઆદ દ્વારા</u>

# <u>"તા.૧૨/૧૧/૨૦૨૨ નાં રોજ નેશનલ લોક અદાલત યોજાઇ</u>

મે. રાષ્ટ્રીય કાનૂની સેવા સત્તા મંડળ, સુપ્રિમ કોર્ટ, દિલ્હી દ્વારા લોક અદાલતના નિર્ધારિત વાર્ષિક કાર્યક્રમ મુજબ તથા ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળ, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદનાં આદેશાનુસાર જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, જિલ્લા ન્યાયાલય, નડીઆદનાં ચેરમેન અને મુખ્ય જિલ્લા ન્યાયાધીશ સાહેબ શ્રી. એ આઈ. રાવલ સાહેબનાં અધ્યક્ષપણા અને માર્ગદર્શન અનુસાર તા.૧૨/૧૧/૨૦૨૨, શનિવારના રોજ જિલ્લા ન્યાયાલય, નડીઆદ મુકામે આવેલ કોર્ટો સહિત ખેડા જીલ્લાના તમામ તાલુકા મથકે કાર્યરત કોર્ટો ખાતે નેશનલ લોક અદાલતનું આયોજન કરવામાં આવેલ. આ તા.૧૨/૧૧/૨૦૨૨ નાં રોજની નેશનલ લોક અદાલત અગાઉ વધુમાં વધુ કેસોનો સમાધાન રાહે નિકાલ કરી શકાય તેવા ઉમદા હેતુસર જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, જિલ્લા ન્યાયાલય નડીઆદના ફૂલ ટાઈમ સેક્રેટરી શ્રી. જે આર. પંડીત સાહેબે લોક અદાલતના લાભો વિષે માહિતી આપી જણાવ્યું હતું કે લોક અદાલત સમાજ માટે તકરાર નિવારણનો સુવર્ણ માર્ગ છે, લોક અદાલતમાં કેસનો નિકાલ થવાથી બંને પક્ષકારોને ઘરે દીવો પ્રગટે છે, લોક અદાલતમાં કેસોનો નિકાલ-ચુકાદો આખરી હોઈ અપીલની જોગવાઈ હોતી નથી, કોર્ટ ફીની રકમ કોર્ટ ફી એક્ટ મુજબ પરત મળવાપાત્ર છે, અન્ય કોઈ ખર્ચ થતો નથી જેથી વધુમાં વધુ લોકો લાભ લે તેવી અપીલ કરી હતી.

જેનાં સાર્થક પરિણામ સ્વરૂપ આ નેશનલ લોક અદાલતમાં કોર્ટોમાં ચાલી રહેલાં પેન્ડિંગ કેસોમાનાં મોટર વાહન અકસ્માત વળતરના **૧૦૮ કેસો**, **NI ACT 138**(નેગોશિયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટ ૧૩૮ નાં ચેક રિટર્નના કેસો)નાં **૮૩૩ કેસો**, એન.સી. પ્રકારનાં **૪૫૭ કેસો**, સ્પેશીયલ સીટિંગ ઓફ મેજીસ્ટ્રેટ કોર્ટમાં લાગુ પડતાં ૧૦૫૬ **કેસો**, **બેંક/મની રિકવરીના ૫૨ કેસો, લગ્નવિષયક દાવાઓના ૨૨૩ કેસો, વીજળી-પાણી બિલ લેણાંનાં ૧૪૯ કેસો, ગ્રાહક તકરારનાં ૧૫ કેસો, અન્ય સિવિલ દાવાઓનાં ૧૧૦ કેસો**, અન્ય સમાધાનલાયક ક્રિમીનલ કેસોમાના **૯૫ કેસો તથા ફેમિલી કોર્ટના ૨૧** મળીને <u>**૩૧૧૯**</u> **જેટલાં પેન્ડિંગ કેસોની સાથે** રાષ્ટ્રીયકૃત બેંકો, મધ્ય ગુજરાત વીજ કંપની, અન્ય નાણાકીય સંસ્થાઓનાં લેણી રકમના કોર્ટમાં દાખલ નહીં કરાયેલ તેવા પ્રિલિટિગેશન પ્રકારનાં **૫૩૮ કેસો** તથા ટ્રાફીક નિયમ ભંગને લગતાં ટ્રાફીક ચલણનાં **૧૬૨૯ કેસો** સહિત <u>**કુલ-૫૨૮૬**</u> કેસોનો નિકાલ કરવામાં આવ્યો.

.....આભાર.....